ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૨-૧૧-૨૦૨૨**

- **શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા જાહેરાત કરવામાં આવેલ નોકરીઓ બાબતે સરકાર શ્વેતપત્ર બહાર પાડેઃ આલોક શર્મા.**
- **જે લોકોએ કિસાન આંદોલન કરીને કિસાનોના હક્ક માટેની લડાઈ લડી હતી તેમને નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના નેતાઓ ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યાં હોય ત્યારે હોમ એરેસ્ટ અને ડીટેઈન કરવામાં આવી રહ્યાં છેઃ પાલ આંબલીયા.**
- **આમ આદમી પાર્ટીના અસારવા વિધાનસભાના યુવા આગેવાન શ્રી ઉદય રોય તેમના ૫૦ કાર્યકર - સમર્થકો સાથે કોંગ્રેસની વિચારધારા સાથે કોંગ્રેસ પક્ષમાં જોડાયા.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે આયોજીત સંયુક્ત પ્રેસવાર્તામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તાશ્રી આલોક શર્માજીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં આવીને કેન્દ્ર સરકાર ૭૧૦૦૦ નોકરીઓ આપશે તેવી વાત કરી હતી. આ પહેલા પણ ૭૫૦૦૦ નોકરીઓ આપવાની વાત કરી હતી. **કોંગ્રેસ એ માંગણી કરે છે કે, સરકાર આ બાબતે એક શ્વેતપત્ર જાહેર કરીને ૭૫૦૦૦ નોકરીઓ અને ૭૧૦૦૦ નોકરીઓ કુલ ૧૪૬૦૦૦ સરકારી નોકરીઓ ક્યાં વિભાગમાં. ક્યાં પદમાં અને કોને કોને આપવામાં આવી છે. તેની પરીક્ષા ક્યારે લેવામાં આવી હતી અને તેમના નિમણુંક પત્રો ક્યારે આપવામાં આવ્યા વગેરેની માહિતી જાહેરમાં વેબસાઈટ ઉપર મુકે** અને ચૂંટણી દરમ્યાન આ પ્રકારના ભાષણો એ આદર્શ આચાર સંહિતાનો ભંગ કરી રહ્યાં હોય તેમ લાગે છે. માટે ચૂંટણી પંચે પણ આ બાબતે ગંભીર નોંધ લઈ કાર્યવાહી કરવી પડે, શું ચૂંટણીની રાહ જોઈને આવા પદો પર જે નોકરી આપવામાં આવી રહી છે તેને મોડું કરવામાં આવ્યું હતું કે નહીં ? તે બાબતની પણ તપાસ થવી જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કિસાન સેલના ચેરમેનશ્રી પાલભાઈ આંબલીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના કિસાન નેતાઓને કિન્નાખોરી રાખીને સરકાર પરેશાન કરી રહી છે, **જે લોકોએ કિસાન આંદોલન કરીને કિસાનોના હક્ક માટેની લડાઈ લડી હતી તેમને નરેન્દ્ર મોદી, અમિત શાહ સહિતના નેતાઓ ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યાં હોય ત્યારે હોમ એરેસ્ટ અને ડીટેઈન કરવામાં આવી રહ્યાં છે.** લોકશાહીમાં જ્યારે ચૂંટણી આવી રહી હોય ત્યારે ચૂંટાયેલી પાંખને સવાલ પુછવાનો હક્ક

બંધારણે આપેલ છે પરંતુ અત્યારે ગુજરાતમાં આ બાબતનું સંપૂર્ણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. કિસાન સેલ આ બાબતે ચૂંટણી પંચને ફરિયાદ પણ કરશે. તા. ૧૮-૧૧-૨૦૨૨ના રોજ કૃષિમંત્રી નરેન્દ્ર તોમરની ધ્રાંગધ્રામાં સભા હતી અને તેના કારણે ગુજરાત કિસાન સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.કે. પટેલને મેથાણ ગામથી અરેસ્ટ કરવામાં આવ્યાં હતાં. તા. ૨૦-૧૧-૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સભા હોવાથી શ્રી ચેતન ગઠીયા, ચેરમેન કિસાન સેલ રાજકોટ, શ્રી પ્રવિણ પટોડીયા પ્રમુખ ગુજરાત કિસાન સમાજ (સરધારપુર ગામ, જેતપુર), શ્રી ચંદ્રેશ પરમાર આગેવાન કિસાન કોંગ્રેસ (ચાપરાજપુર ગામ), શ્રી ગોવિંદ ડોબરીયા આગેવાન કિસાન કોંગ્રેસ (ચાપરાજપુર ગામ), શ્રી પ્રમોદ તાડા આગેવાન કિસાન કોંગ્રેસ (ચાપરાજપુર ગામ), તા. ૨૦-૧૧-૨૦૨૨ના રોજ નરેન્દ્ર મોદીજીની સભા હોવાથી ફરીથી જે.કે. પટેલ (રાષ્ટ્રીય પ્રમુખ, કિસાન સંગઠન)ની ધરપકડ કરવામાં આવી હતી.

ચૂંટણી પહેલા પણ મોરબી દુર્ઘટનામાં જે કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ રાહત કામગીરીમાં સેવાકીય ભાવનાથી ભાગ લીધો હતો તેવા શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા, શ્રી મુકેશ ગામી, શ્રી જયવંતભાઈ પટેલ, શ્રી ચિંતન રાજગુરુ, શ્રી મહેશ રાજગુરુ, શ્રી કે.ડી. પરસુરીયા, શ્રી રમેશ રબારી, શ્રી રાજુભાઈ કાવર, શ્રી ચેતન અરવાડીયા, શ્રી રામભાઈ રબારીને હોમ અરેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જ્યારે સુરતમાં ચાર યુવાનોને વડાપ્રધાનશ્રીના કાફલાને કાળાવાવટા દર્શાવવા બદલ પાસા જેવા ગુન્હામાં નાખીને ગુજરાતની અલગ અલગ જેલોમાં મોકલી દેવામાં આવ્યાં હતાં અત્યારે જ્યારે ચૂંટણી છે ત્યારે પણ આજ પ્રકારની બદલાની રાજનીતિ કરીને કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને ચૂંટણી પ્રચારથી દુર રાખવા માટે આવા પ્રકારની હેરાનગતિ કરવામાં આવે છે જે લોકશાહી રીતે બિલકુલ અયોગ્ય છે. આ બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કિસાન સેલ દ્વારા ચૂંટણી પંચને ફરિયાદ પણ કરવામાં આવશે.

**આમ આદમી પાર્ટીના અસારવા વિધાનસભાના યુવા આગેવાન શ્રી ઉદય રોય તેમના ૫૦ કાર્યકર - સમર્થકો સાથે કોંગ્રેસની વિચારધારા સાથે કોંગ્રેસ પક્ષમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને અમદાવાદ શહેરના ઈન્ચાર્જશ્રી બિમલ શાહના હસ્તે કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા.**

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો-કન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રીઓ ડૉ. અમિત નાયક, શ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
કો-કન્વિનર - પ્રવક્તા
મો. 9898233038